ગાંધીનગર સમાચાર

પંચર પડેલી ટ્રક પાછળ કાર ઘુસી જતા ચાર ઘાયલ : એકનું મૃત્યુ

@ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળની શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે.

● આર્ટ ઓફ લવર્સ દ્વારા રાત્રે ૯ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે 'વેઈટીંગ રૂમ' નાટકની રજુઆત કરાશે.

● સે-૨-બી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કથા, ધ્રુવ ચરિત્ર તેમજ પ્રહલાદ ચરિત્રનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮ કલાકે સેકટર-૧૨ બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસનની યૌગિક ક્રિયાની શિબિર યોજાશે.

● સે-૧૯ જીમખાના ખાતે શનિવારના રોજ જીમખાનાના સભ્યો માટે ચેસ સ્પર્ધા યોજાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજના વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

- નજાહખાનમ સૈયદ



શહેરમાં ઠંડીનો ચમકારો

એક જ દિવસમાં તામપાન સાડા ચાર ડિગ્રી ગગડયું : ઠંડો પવન ફુંકાયો

ગાંધીનગર, તા.૨૭

લો-પ્રેશરની અસર ઘટતાં જ ઠંડી એ ચમકારો દેખાડયો છે. આજે વહેલી સવારે વાતાવરણમાં સારી એવી ઠંડક અનુભવાઈ હતી. વસાહતીઓ પુનઃ સ્વેટર શાલમાં ફરતા જોવા મળ્યા હતા. આજે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. નોંધાયું હતું.

અરબી સમુદ્રમાં ઉદભવેલા લો-પ્રેશરને કારણે ગુજરાતના વાતાવરણમાં ફેરફાર થયો હતો. દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડયો હતો જયારે કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. જેના કારણે લઘુત્તમ તાપમાન ઉંચકાયું હતું. ગયા અઠવાડિયે ૧૪-૧૫ ડિગ્રીએ પહોંચેલુ લઘુત્તમ તાપમાન એકાદ-બે દિવસમાં જ ૨૦-૨૧ ડિગ્રીએ પહોંચી ગયું હતું. લઘુત્તમ તાપમાન ઉંચકાતા ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ હતી. દિવસે અને રાત્રે ગરમીનો અનુભવ થવા માંડયો હતો. નવેમ્બર માસના છેલ્લા દિવસો હોવા છતાં વાતાવરણમાં ગરમીનો અહેસાસ થતો હતો. ગઈકાલથી ધીમેધીમે લો-પ્રેશરની અસર ઓછી થવા માંડી છે. વાદળો વિખેરાઈ ગયા છે. લો-પ્રેશર ઘટતાં જ પુનઃ ઠંડીએ ચમકારો દેખાડયો છે. ગઈકાલે મોડી રાતથી વાતાવરણમાં ઠંડક ફેલાવવાની શરૂઆત થઈ હતી. જે આજે વહેલી સવારે તીવ્ર બની હતી. સુર્યોદય થયો ત્યાં સુધી વાતાવરણમાં ઠંડક અનુભવાતી હતી. ઠંડક વધુ હોવાથી વસાહતીઓ ને શાલ-સ્વેટર પહેરવાની જરૂરીયાત જણાઈ હતી. આજે આખો દિવસ પણ વાતાવરણમાં સારી એવી ઠંડક અનુભવાતી હતી. પંખાની સ્પીડ ઓછી કરવી પડે તેવું ખુશનુમા વાતાવરણ રહ્યું હતું. સાંજ પડતા જ પુનઃ ઠંડીનું જોર વધવા માંડયું હતું. અંધારું થતા જ માર્ગો પરની અવર જવર ઓછી થઈ ગઈ હતી. ઠંડી વધતા ખેડૂતોના જીવમાં જીવ આવ્યો છે. જો આવું જ વાતાવરણ થોડાક દિવસ જળવાઈ રહે તો રવિ પાકની વાવણીમાં તેજી આવી શકે છે. આજે મહત્તમ તાપમાન ૨૮.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. નોંધાયું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

વાતવાતમાં

● ગુરુવારે સે-૩૦માં હત્યા થયેલ એરફોર્સ કર્મચારી ગીલ્લુનો દિકરો ગાંધીનગર આવી પહોંચતા પોલીસે મૃતકની લાશનો કબજો તેને સોંપ્યો હતો. દિકરાએ પિતાની ડેડ બોડીને પ્લેનમાં દિલ્હી અને ત્યાંથી પછી પોતાના વતન અલીગઢ લઈ જવાની વ્યવસ્થા ગોઠવી છે.

● સે-૬-૭ના બસ સ્ટેન્ડ નજીક બપોર પછીના સુમારે એક બાઈક તથા એકટીવા ચાલક વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થવા નથી પામી.

● સે-૭ની પોસ્ટ ઓફિસમાં સતત ત્રીજા દિવસે સર્વર ડાઉનના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોના ચલણ ભરવામાં ના આવતા રોષની લાગણી ફેલાઈ રહી છે. આ પોસ્ટ ઓફિસમાં બપોરે બે વાગ્યા પહેલા જાઓ તો સર્વર ડાઉન અને બે વાગ્યા પછી કામકાજ પુરું થઈ ગયુંના જવાબ મળી રહ્યા છે.

● શિયાળાનો પ્રારંભ થઈ ચુકયો હોવા છતાં હજુ ઠંડી બરાબર જામતી નથી તેથી નગરમાં સ્વેટર્સ અને ગરમ કપડાંની ખરીદીમાં સુસ્તી જોવા મળી રહી છે. એવું લાગે છે કે જાણે નગરજનોને ગરમ કપડાંની પસંદગી કરવા માટે પૂરતી ઠંડીની જરૂર પડે છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

જિલ્લામાં દોઢ વર્ષમાં ૧૪૦ ઘરફોડ : દિવસની ઘરફોડ વધી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષમાં (જુન ૨૦૧૫ સુધીમાં) નાની મોટી ૬૭૧ ચોરીઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. જેમાંથી માત્ર ૨૩૮ ચોરીઓ જ ડીટેકટ થઈશકી છે તે ઉપરાંત ૧૪૦ ઘરફોડ ચોરીઓ નોંધાઈ છે જેમાંથી ૩૧ ઘરફોડ ચોરીઓના જ ભેદ પોલીસ ઉકેલી શકી છે. નોંધનીય બાબત એ છે કે જિલ્લામાં દિવસની ઘરફોડ ચોરીઓ વધી છે. વર્ષ ૨૦૧૪ના આખા વર્ષમાં ૧૧ ઘરફોડ દિવસે થઈ હતી જયારે વર્ષ ૨૦૧૫ના જુન સુધીમાં જ ૧૨ ઘરફોડ દિવસે થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે તે ઉપરાંત પોલીસે દાખલ ન કરેલી ઘરફોડ ચોરીઓ અને એક ફરીયાદમાં બબ્બે ચાર ચાર ઘરફોડનો ઉલ્લેખ કરી તે તમામ ઘરફોડને એક જ ફરીયાદમાં સમાવી લેવાયેલી ઘરફોડ ચોરીઓ તો અલગ!

મિલ્કત સંબંધી ગુનાઓ પણ ગાંધીનગર જિલ્લામાં ચિંતાજનક રીતે વધી રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં ૩૬૭ નાની મોટી ચોરીઓ નોંધાઈ હતી જે પૈકી ૧૫૧ ડીટેકટ થઈ ચુકી હતી જયારે વર્ષ ૨૦૧૫માં જુન સુધી છ માસમાં ૨૦૪ ચોરીઓ થઈ હતી જેમાંથી ૮૭ ચોરીઓ ડીટેકટ થઈ શકી છે. તે ઉપરાંત જિલ્લામાં ૧૪૦ ઘરફોડી ચોરીઓ તો પોલીસ ચોપડે નોંધાઈ છે. વર્ષ ૨૦૧૪માં ૯૦ ઘરફોડ પૈકી ૧૯ ડીટેકટ થઈ હતી જેમાં રાતની ઘરફોડ ૭૯ અને દિવસની ૧૧ ઘરફોડ હતી જયારે વર્ષ ૨૦૧૫ના જુન માસ સુધીના છ મહિનામાં ૫૦ ઘરફોડ થઈ ચુકી હતી જૈ પેકી ૧૨ ડીટેકટ થઈ શકી છે. ૫૦ ઘરફોડ પૈકી ૩૮ રાતની ૧૨ ઘરફોડ દિવસ દરમિયાન થઈ હોવાના આંકડા છે. છતાં પણ આપણું ગાંધીનગર સલામત છે...!

દોઢ વર્ષમાં નાની મોટી ૬૭૧ ચોરીઓ પોલીસ ચોપડે નોંધાઈ, તેમાંથી માત્ર ૨૩૮ ચોરી જ ડીટેકટ થઈ : ૧૪૦માંથી ૩૧ ઘરફોડ ચોરીઓનો ભેદ પોલીસ ઉકેલી શકી

ગાંધીનગર સાંઈના ડાયરેકટર પોલેન્ડ ખાતે ઈન્ડિયન પેરા સ્વીમિંગ ટીમનું પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા.૨૭

રીયો ઓલમ્પિક ૨૦૧૬ ના ક્વોલિફાઈનલ માટે પોલેન્ડના સઝેઝીન ખાતે સ્વીમીંગ પેરા વિન્ટર ઓપન ચેમ્પિયનશીપ ૨ થી ૬ ડિસેમ્બર ૨૦૧૫ સુધી યોજાનાર છે. જેમાં ભારતીય ટીમના ૬ સદસ્યોના મુખ્ય પ્રતિનિધિ તરીકે ગાંધીનગર સાંઈ સંકુલના ડાયરેકટર આર.કે. નાયડુ ભાગ લેવા જઈ રહ્યા છે. જે ગાંધીનગર અને ભારત માટે ગૌરવ સમાન છે.

આગામી ૧ ડિસેમ્બરે સાંઈના ડાયરેકટર આર.કે. નાયડુ પોલેન્ડ જવા રવાના થશે જયાં ૨ થી ૬ ડિસેમ્બર દરમિયાન ભારતીય પેરા વિન્ટર ઓપન ચેમ્પિયનશીપમાં ભાગ લેશે

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નેતા સુભાષ વેસ્ટર્ન કેન્દ્ર ગાંધીનગરના રીજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ ૧ ડિસેમ્બરના રોજ પોલેન્ડના સઝેઝીન જવા રવાના થશે. આર.કે. નાયડુ ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સ્તરના હેન્ડબોલ ખેલાડી છે અને તેઓએ ૧૯૮૨માં એશિયન ગેમમાં ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઉપરાંત નાયડુ એ ખેલ મંત્રાલય અને યુવા કાર્યક્રમ હેઠળ ભારત વતી પ્રતિનિધિત્વ કરી ઘણા દેશોની મુલાકાત લીધી છે. ભારતના ખેલાડીઓ બ્રાઝિલ ખાતે યોજાનાર રીયો પેરા ઓલમ્પિક રમતોમાં ભારત માટે મેડલ હાંસલ કરે તે માટે ઓલમ્પિકમાં ભાગ લેવા જઈ રહેલા તમામ પેરા રમતોના પ્રશિક્ષણ કેમ્પની જવાબદારી પણ આર.કે. નાયડુને આપવામાં આવી છે.

પેરા રમતોના તમામ ખેલાડીઓની તાલીમ માટે ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા પશ્ચિમની નોડલ કેન્દ્ર તરીકે પસંદગી કરવામાં આવી છે.

અમિયાપુર પાસે હિટ એન્ડ રન : હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક અમિયાપુર ગામની સીમમાં ગઈ મોડી સાંજે હીટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. અમદાવાદના આનંદનગર પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને જીવરાજપાર્ક ખાતે રહેતા ૫૨ વર્ષીય પોપટસિંહ ચેનસિંહ ઠાકોર ગઈ સાંજે મિત્રને ત્યાં અમિયાપુર આવ્યા હતાં. મોડી સાંજે અમિયાપુરનો રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે હેડ કોન્સ્ટેબલને અજાણ્યા વાહને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધા હતા. અડાલજ પોલીસે અજાણ્યા વાહના ચાલક સામે હીટ એન્ડ રનનો ગુનો નોંધી ઉંડી તપાસ આરંભી છે.

ગાંધીનગર ગર્વમેન્ટ કોન્ટ્રાકટ એસોસિએશન દ્વારા સભ્યોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા ગર્વમેન્ટ કોન્ટ્રાકટરો દ્વારા ગત ૨૫ નવેમ્બરના રોજ હોટલ ઘૂંઘટ ખાતે એસોસીએશનની સભા મળી હતી. જેમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. કોન્ટ્રાકટર એસોસીએશનના અધ્યક્ષ તરીકે બાબુસિંહજી ડાભી, પ્રમુખ તરીકે જયંતિભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે સુરેન્દ્રસિંહ વાઘેલા અને જયરામભાઈ ખિમસુરીયા તથા મહામંત્રી પદે દશરથભાઈ ચૌધરી, ખજાનચીપદે ચણાભાઈ વિઝુંડા, સહખજાનચી પદે ગણેશભાઈ પટેલની વરણી કરાઈ હતી.

શહેરના બજારમાં શિયાળાના ગુણકારી ફળોનું આગમન

શિયાળાની ઋતુમાં મળતા ફળો-શાકભાજી સ્વાસ્થ્ય માટે ઉત્તમ અને ગુણકારી ગણાય છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં ધીમે ધીમે શિયાળાનો માહોલ જામતો જાય છે. શિયાળાની ઋતુ આહાર માટે શ્રેષ્ઠ ગણાય છે. આ ઋતુમાં ફળો શાકભાજી પણ તાજા અને પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. હાલ નગરના બજારોમાં વિવિધ શિયાળુ ફળો બજારમાં

ઉપલબ્ધ છે જે સ્વાસ્થ્ય માટે ખુબ જ ગુણકારી છે તેથી તેની માંગ પણ સારા પ્રમાણમાં રહેવા પામી રહી છે. હાલ બજારમાં સંતરા, મોસંબી, આમળા, પાઈનેપલ, જામફળ, બોર, સીતાફળ જેવા શિયાળુ ફળોનું વેચાણ પ્રારંભ થઈ જવા પામ્યું છે.

શિયાળાની ઋતુમાં ફળો શાકભાજી વગેરેની આવક સારા એવા પ્રમાણમાં રહેતી હોય છે. આ ફળોના સેવનથી બિમારીમુકત રહી શકાય છે તથા શરીર માટે ઉપયોગી તત્ત્વો પણ તેમાંથી મળી રહે છે. આયુર્વેદમાં શિયાળુ ફળોનું વિશેષ મહત્વ દર્શાવાયું છે. જેમાં આમળાને અમૃત સાથે સરખાવાયું છે. મોસંબી-સંતરા બિમાર વ્યકિતને જલ્દીથી સાજા કરી શકે તેવી રોગપ્રતિકારક શકિત વધારવામાં ખૂબ મદદરૂપ થાય છે. આ ઉપરાંત જામફળ, સીતાફળ અને અનાનસ પણ એટલા જ ગુણકારી ગણાવાયાં છે. ખાટા-મીઠાં બોર બાળકો સહિત તમામને લુભાવે છે સાથે સાથે શરીરમાં એન્ટીઓકસીડેન્ટ તત્વોનો સંચાર કરે છે.

આ વર્ષે ઠંડી હજુ જોઈએ તેટલી જામતી નથી પરંતુ શહેરના બજારોમાં શિયાળુ ફળોનું આગમન થઈ ચુકયું છે. આ સાથે શાકમાર્કેટમાં પણ ગાજર, બીટ, લીલી હળદર, કાકડી જેવી અનેક ગુણકારી શાકભાજી પણ ઉપલબ્ધ થઈ રહી છે. જો કે હજુ માલની આવક ઓછી હોવાથી ભાવમાં જોઈએ તેટલો ઘટાડો નથી પરંતુ શિયાળામાં સ્વાસ્થ્ય વધારવામાં ઉપયોગી એવી આ શાકભાજીની માંગ પણ દિન પ્રતિદિન વધી રહી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

નેશનલ હાઈવે નં. ૮ પર પ્રભુપુરા નજીક

પંચર પડેલી ટ્રક પાછળ કાર ઘુસી જતા ચાર ઘાયલ : એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પરના પ્રભુપુરા ગામના પાટીયા પાસે ગઈ રાત્રે ટ્રક અને આઈ-૧૦ કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હિંમતનગર તરફથી આવતી કાર પ્રભુપુરા પાસે પંચર પડેલી ટ્રકની પાછળ ધડાકાભેર ઘુસી જતા કારનો કડુસલો વળી ગયો હતો અને તેમાં સવાર ચાર યુવાનો ઘાયલ થયા હતા તે પૈકી એકનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. દોઢેક કલાક સુધી હાઈવે પર ટ્રાફીક જામ થઈ ગયો હતો. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ફાર્માસ્યુટીકલ કંપની મેડીકલ રીપ્રેઝન્ટેટીવ ગ્રુપ આઈ-૧૦ ગાડી લઈને હિંમતનગર ગયું હતું. ગઈ રાત્રે આ ગ્રુપ ગાડી લઈને પરત નેશનલ હાઈવે નં. ૮ પરથી આવી રહ્યું હતું ત્યારે પ્રભુપુરા ગામના પાટીયા પાસે હાઈવે પર પંચર થઈને ઉભેલી ટ્રક સાથે આઈ-૧૦ કારને અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતિએ જઈ રહેલી આઈ-૧૦ કાર હાઈવેની સાઈડમાં ઉભેલી ટ્રકની પાછળ ઘુસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતને પગલે કારમાં સવાર ચાર વ્યકિત ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી એક મેઘાણીનગરના યુવાન પુજનભાઈ દિનેશભાઈ વ્યાસનું બનાવસ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ ઘાયલોને ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઈવે પર હેવી ટ્રાફીક જામ દોઢ કલાક સુધી રહ્યો હતો જેને પગલે માંડ કલીયર કર્યો હતો. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

નરોડાથી ચિલોડા હાઈવે પર દોઢ વર્ષમાં ૩૭ની જીંદગી ટાયર નીચે ચગદાઈ

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથકની હદમાં સમાવિષ્ટ નરોડા ચોકડીથી ચિલોડા ચોકડી સુધીના નેશનલ હાઈવે નંબર-૮ પર સંખ્યાબંધ જીવલેણ અકસ્માતો સર્જાયા છે તેને પહોળો કરવા આંદોલનો પણ થયા છે. આ હાઈવે પર વર્ષ ૨૦૧૪માં ૨૩ વ્યકિતઓના અકસ્માતમાં મૃત્યુ થયા હતા જયારે વર્ષ ૨૦૧૫ના જુન માસ સુધીમાં ૧૪ ફેટલ થયા હતાં. દોઢ વર્ષમાં આ માર્ગ પર ૩૭ વ્યકિતઓની જીંદગી ઉપર પૈડા ફરી વળ્યા છે તેમ છતાં હાઈવે પહોળો કરવા તંત્ર નિરસતા દાખવે છે...!

ગાંધીનગર સિવિલમાં સીટી સ્કેનનું મશીન બદલાશે

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આધુનિક અને અધ્યતન બનાવવામાં આવી છે. નવિન ટેકનોલોજી તેમજ મશીનરીને પગલે સિવિલ દર્દીઓ માટે લાભદાયક બની રહી છે. સિવિલમાં દર્દીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી રહી છે. ત્યારે સિવિલમાં જુના થઈ ગયેલા સીટીસ્કેન મશીનને બદલે આગામી સમયમાં તંત્ર દ્વારા કરોડો રુપીયાના ખર્ચે સીટી સ્કેનનું નવું મશીન લાવવામાં આવશે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં નવિન બિલ્ડીંગ બનતા તમામ વોર્ડમાં પણ આધુનિક મશીનરી જોવા મળેછે. ત્યારે સિવિલમાં આવતા ગરીબ દર્દીઓને સીટીસ્કેન માટે બહાર ન જવું પડે તે સિવિલ તંત્ર વસાવાયું હતું. આ સીટીસ્કેન મશીનનો લાભ વર્ષોથી દર્દીઓને મળે છે. પરંતુ આ મશીન જુનુ થઈ જતા હવે તંત્ર દ્વારા નવું મશીન ખરીદવાની ચર્ચા ચાલી રહી છે. ત્યારે આગામી સમયમાં તંત્ર દ્વારા કરોડો રુપીયાના ખર્ચે નવિન મશીન લાવવામાં આવશે. સિવિલ અધ્યતન બનતા દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. એક દાયકાથી વધુ સમય થઈ જતા નવા મશીનનો નિર્ણય લેવામાં આવ્યો છે. સિવિલ માં કરોડોના ખર્ચે મશીન લાવવામાં આવે છે. પરંતુ મશીન ચલાવવા માટે યોગ્ય જાણકાર માણસ ન મળતા મશીન મુકી રાખવાની પણ નોબત ઉભી થઈ હોય તેવા કિસ્સા પણ અગાઉ બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા જુના થઈ ગયેલા સીટી સ્કેન મશીનને બદલે નવીન મશીન આવતા જિલ્લાભરના દર્દીઓને લાભ મળશે. આ મશીનની ચર્ચા સાંભળી સિવિલની મુલાકાતે આવતા મુલાકાતીઓમાં પણ આનંદ છવાયો છે.

શૈક્ષણિક અને આર્થિક રીતે યોગ્ય વ્યકિતને અનામતનો લાભ આપવો જોઈએ : ભારતીય જનસંઘ

અખિલ ભારતીય જનસંઘના ગુજરાત એકમના મહામંત્રીશ્રી બિહારીલાલ શર્માએ પાટીદાર સમાજના વડીલ અને બુદ્ધિમતા ધરાવનાર ભાઈઓને સમયાનુસાર માંગણી મુજબ જણાવ્યું છે કે ગુજરાતના પાટીદાર સમાજના કેટલાક નેતાઓ અનામતના મુદ્દાને લઈને સત્તા ભૂખ્યા લોકોના હાથા બની ગુજરાતમાં અરાજકતા ફેલાવવાનું જે કાર્ય કરી રહ્યા છે તે દેશ માટે ભયંકર નુકશાન કર્તા છે. ભવિષ્યમાં વાતાવરણ કોમી દાવાનળમાં પલટાઈ જાય તેવું દેખાય છે. આ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બુદ્ધિમત્તાપૂર્વક સર્વપક્ષીય બેઠક બોલાવી નિવેડો લાવવો જરુરી છે જેથી સમાજમાં સમાનતા પ્રસ્થાપિત થશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

ચેસ ગ્રાન્ડ માસ્ટર પ્રવીણ થીપ્સે દ્વારા શહેરના ખેલાડીઓને ચેસનું કોંચીગ

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ અને ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના સહયોગથી ચેસ પંચદિવસીય કોંચીગ કેમ્પનું આયોજન કરવામાં હતું. કેમ્પ દરમિયાન આજ રોજ સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ભારતભરમાં ચેસમાં ત્રીજા ક્રમે સ્થાન ધરાવનાર ગ્રાન્ડ માસ્ટર પ્રવીણ થીપ્સેએ ઉપસ્થિત રહીને બાળકો, યુવાનોને ચેસ અંગે માર્ગદર્શન પુરુ પાડયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જીમખાનાના અધીકારીઓ, કર્મચારીઓ, તેમજ ચેસ એસોસિએશનના હોદેદારો સહિત કોચ પણ હાજર રહ્યા હતા.

શહેરના સેકટર-૧૭ ખાતે આવેલ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આજ રોજ ચેસ કોંચીગ કેમ્પમાં ઉપસ્થિત

ગ્રાન્ડ માસ્ટર પ્રવીણ થીપ્સેએ જુનીયર અને સિનિયર ખેલાડીઓને ચેસ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને એક સારા ખેલાડી બનવા માટે મહત્વની કામગીરી માટે સજજ થવા જણાવ્યું હતું. તેમજ અન્ય રમતની જેમ ચેસની રમતને પણ ભારત સરકાર તેમજ રાજય સરકાર દ્વારા વધુ પ્રોત્સાહીત કરવી જોઈએ. આ રમતમાં પણ ભારતમાં અનેક ખેલાડીઓ છે. જે ભારતનું નામ રોશન કરવાની ક્ષમતા ધરાવે છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જીમખાનાના ચેરમેન જી. સુબ્બારાવે કહ્યું હતું કે ચેસ એ વિશ્વ કક્ષાએ રમાતી રમત છે આ રમતને જોઈને પણ આનંદ આવે છે. ગણિત શાસ્ત્રના લોજીક સાથે જોડાયેલી આ રમતમાં વિવિધતા અને વિશેષતા છે.આ રમતમાં એકાગ્રતા ખુબ અગત્યની છે. તેમજ આ રમતમાં બોર થવાતું નથી. આ અંગે વધુમાં જણાવ્યું હતું કે ચેસ એ રાજાની રમત છે એટલે ખેલાડીએ રાજા કહેવાય જેથી રાજા જેવું જ્ઞાન રાખવું ખુબ જરુરી છે. સ્ટેજ પર બિરાજમાન મહેમાનોનું બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૪ વર્ષથી નીચેની વય જુથના જુનીયર ખેલાડીઓને કોંચીગ રીયાઝખાન પઠાણ,રાકેશ પ્રજાપતિ,અને ધમેન્દ્ર મોજીદ્રા જયારે સિનિયર ખેલાડીઓને એસ.કે સિંહા, મહેન્દ્ર પરમાર,તેમજ રાજયના અગ્રણી ચેસ ખેલાડી નિરવ રાજાસુબાએ કોંચીગ આપ્યું હતું. કેમ્પમાં આવેલા ખેલાડીઓને અનુભવી કોચ દ્વારા માર્ગદર્શન મળતા ખેલાડીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો.આ પ્રસંગે ગાંધીનગર જીમખાનાના પ્રમુખ જી.સુબ્બારાવ,અશોક ભાટીયા,ઉપ પ્રમુખ ભાવેશ પટેલ, ગુજરાત રાજય ચેસ એસોસિએશનના સેક્રેટરી સંદીપ દવે, તેમજ સેકટર-૧૯ જીમખાના સેક્રેટરી હરેન્દ્રસિંહ જાદવ,ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખ નાનજીભાઈ સાતુનિયા, શૈલેષભાઈ નાયક, હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન એ.સી.જોષીએ કર્યુ હતું.

(તસવીર : દિપક જાની)

શુક્વારની સમી સાંજે સેકટર-૬ રોહિદાસ મંદિરના સામે એક આખલો ખુલ્લી ગટરમાં પડી ગયો. તુરત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી અને ભારે જહેમત અને સમયસૂચકતા સાથે કોર્પોરેશન અને ફાયર સ્ટાફે આખલાને હેમખેમ બહાર કાઢયો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

ચિરવિદાય

● સ્વ. શાંતાબેન બળદેવજી પરમાર, ઉ.વ. ૬૨

● સ્વ. હિરાબેન નાથાલાલ પટેલ, ઉ.વ. ૮૭